United Utilities
helping life flow smoothly

# પાઇપ, ડ્રઇન અન ગટર માટ સરળ માગદશિકા

વિશેષ પાણી દરરોજ વપરાયેલ પાણી દૂર કરો

# ભૂગર્ભ માં જાય છે

મોટા ભાગના લોકો તેમના ઘરની અંદર પાઈપો સંભાળ રાખતા હોય છે, પરંતુ ભૂગર્ભ માં છૂપાયેલ પાઈપો નો ક્યારેય એક ક્ષણ પણ વિચાર નથી કરતાં.

તમને એ ખબર હોવી જોઈએ કે તમારા બગીચાની નીચે કે રસ્તા ની નીચે બે મહત્વ ની પાઇપ પસાર થઈ રહ્યાં છે -પાણી પુરવઠા પાઇપ, જે તમારા ઘરમાં અમારી મુખ્ય શેરી થી પાણી પહોંચાડે છે, અને ગટર પાઇપ, કે જે તમારી તમામ ગંદાપાણીનો અમારી ગટર માં નિકાલ કરે છે.

આ બે પાઇપ વગર તમારો નળ ઘરેણાં કરતાં કાઇજ વધુ નથી... સારું તો એ જ રહેશે કે તમે એની પાસે ન જાવ.

મોટેભાગે આ બંને પાઇપો આનંદ થી પોતાના કામ કર્યા કરતાં હોય છે.

જો કે જ્યારે તમારે બદલવી છે કે એક ને રીપેર કરવાની જરૂર છે કે તમે મકાન ને વધારવા ઇચ્છો છો અને તેમાં તમે નવી લગાવવા ઇચ્છો છો તો તમારે તમારો પ્રોજેક્ટ સુગમતાથી ચાલી શકે તે માટે - કેવી રીતે, શું, અને જો એ સમજવું જરૂરી છે.

આ પત્રિકા માં તમારે લેવાના પગલાં ટૂંકાણ માં આપ્યા છે. પહેલો અડધો ભાગ પાઇપ ને જોશો ત્યારે બીજો ભાગ ગટર ની પાઇપો વિષે જોશો.

તોડો તે પહેલા, તમે વ્યાવસાયિક પ્લંબર કે બિલ્ડર ના નંબર ની સૂચિ બતાવો.

આ પત્રિકા માં દર્શાવેલ અમુક કાર્યો ઘણાંજ વિશેષતમ કાર્યો છે અને અમે ભલામણ કરીયે છીએ કે કામ તાલીમબધ્ધ વ્યવસાયિકો દ્વારા જ કરાવો.

## બિલ્ડર વિશેષ!

આમરી વેબસાઇટ પર બિલ્ડર અને પ્લંબર માટે ઘણી બધી ટેકનિકલ માહિતીઓ રાખી છે. જે પાઇપ પાથરવા, માલ સામાન, ખોદવું, કાયદાકીય અને ઘણી બધી બીજી વિશેષ માહિતીઓ આવરે છે.



તમે આ બધી સરસ માહિતીતો અહિયાં મેળવી શકો છો:
**unitedutilities.com/newwatersupply**





# પાણી ની પાઇપ: **પાણીની પાઇપ વિષે થોડું**

## લીકજ ન તપાસવા તમારા મીટર નો ઉપયોગ કરો

જો તમારું મીટર સીમા ઉપર છે તો તમે તેને પુરવઠા પાઇપ માં થતાં લીકેજ ની તપાસ માટે વાપરી શકો છો. પાણી વાપરતા બધાજ ઉપકરણો અને નળ ને બંધ કરી દો અને 30 મિનિટ ની રાહ જુઓ. અને પછી મીટર વાચો (બધા લાલ આકડાઓ સાથે). બીજા કલાક માટે પાણી વાપરો નહીં અને પછી મીટર વાચો. જો વાંચન બદલાયું છે કે કાઉન્ટર ચાલે છે (છેલ્લા લાલ આકડા સહી) તો લીકેજ હોય શકે છે.

જો મીટર ઘર ની અંદર છે તો ઘર ની અંદર ની પાઇપો નું લીકેજ જાણવા તમે તેનો ઉપયોગ કરી શકો છો. હવે ફરીથી બધા ઉપકરણો અને નળ બંધ કરી દો અને 30 મિનિટ સુધી રાહ જુઓ. ત્યાર બાદ ફરીથી મીટર વાચો. કલાક સુધી પાણી વાપરો નહીં અને પછી ફરીથી મીટર વાચો. જો વાચન માં ફેરફાર થયો છે તો આંતરિક પ્લામ્બિંગ માં લીકેજ હોય શકે છે.

### એ દરરોજ નો થોડોક ચમત્કાર છે. તમે નળ ચાલુ કરો અને ચોખ્ખુ અને પીવાલાયક પાણી આવે છે.

પાઇપ માં જળ પુરવઠો નહીં હોય તો તમે શુષ્ક થઈ જશો.

ભૂગર્ભ માં રહેલી પાઇપ તમારા ઘર ને અમારા નેટવર્ક સાથે જોડે છે. અને તમે (કે તમારા ઘરધણી) સંભાળ રાખવા માટે જવાબ દાર છે તમારા ઘરની, તમારી સીમા સુધી. તમારી સીમા પછી એ બધુ અમારી જવાબદારી બને છે.

તમે જે પ્રાકાર ની મકાન માં રહો છો તેના પર આધાર રાખે છે કે તમારી પાસે તમારો પોતાનો પાઇપ છે કે તમે કોઈ ની સાથે વહેચો છો જો પાડોશીઓ સાથે વહેચો છો તો પાઇપ ના વિષે નો નિર્ણય સાથે મળી ને લેવો પડશે.

જો પુરવઠા પાઇપ માં લીકેજ હોય તો સારા પ્લંબર ને બોલાવી રીપેર કરાવો. કેટલાક કિસ્સાઓ માં અમે ક્યારેક પાણી નો બગાડ ન થાય તેના માટે મફત માં રીપેર કરી શકિએ છીએ.

રીપેર માટે ની વધુ જાણકારી માટે મુલાકાત લો **unitedutilities.com/bursthome** કે પછી અમને કોલ કરો **0845 746 2200** અને અમે તમારી મદદ કરીશું.







# કોણ જવાબદાર છે?

તમારા ઘર માં પાણી પુરવઠા માટે આવતી પાઇપ માટે તમારી અને અમારી જવાબદારીઓ આ આકૃતિ માં બતાવેલ છે.

જ્યારે એક મકાન ને પાણી નો પુરવઠો એક પાઇપ મારફત આપવા માં આવે છે (ઉપર ડાબે) તો સીમા ઓળંગયા પછી પાઇપ ની જવાબદારી તમારી છે.

જ્યારે એક કરતાં વધારે મકાન ને પાણી નો પુરવઠો એક સામાન્ય પાઇપ મારફત આપવા માં આવે છે (નીચે ડાબે) પાઇપ ની જવાબદારી બધી જ મકાન માલિક ની સંયુક્ત રહેશે. પાઇપ ની શાખા જે તમારા ઘર માં પાણી નો પુરવઠો પૂરો પાડે છે તેની જવાબદારી પણ તમારી રહેશે.

સામાન્ય સંજોગો માં પાઇપ માં થતાં લીકેજ ને ઠીક કરાવવા ની જવાબદારી તમારી છે. જો કે અમુક કિસ્સાઓ માં આ પાઇપ નું સમારકામ મફત છે. આના ઉપર થી તમે સંપૂર્ણ વિગત પ્રાપ્ત કરી શકો છો **unitedutilities.com/bursthome**

કોઈક વાર ઘણી બધી મિલકતો ને પુરવઠો પૂરી પાડતી અનેક પાઇપો ને એક સામાન્ય પાઇપ માં ફેરવવાનું કહી શકીએ તેમ છે. જો પાઇપ ની હાલત ખરાબ હોય કે કોઈક મકાન ફ્લેટ માં રૂપાંતર થયેલ હોય કે એક ઘર ના રહેવાસીઓ બિલ ભરવા માં હમેશા ઉપાધિ કરે છે. તો અમે આમ કહી શકીએ છીએ.

# પાણી ના પાઇપો: **સીસા ના પુરવઠા પાઇપ ની ફેરબદલ**

જો તમે 1970 પહેલા બાંધવામાં આવેલા મકાનમાં રહો છો, તો સંભાવના છે કે જે તમારા પાણી પુરવઠા પાઇપ સીસા થી બનાવવામાં આવ્યા હોય.

હાલ ના દિવસો માં સ્વાસ્થ્ય ની દ્રસ્ટીએ સીસા ના પાઇપ વપરાતા નથી, કારણ કે ધાતુ ની નળ ના પાણી માં ભળવાની શક્યતા રહેલી છે. તબીબો ની દ્રસ્ટીએ ખાસ કરી ને નાના બાળકો અને નવજાત શિશુ ને માટે હાનિકારક હોય શકે છે.

જો તમારે સીસા ની પાઇપ બદલવી હોય તો તમારે તમારા બિલ્ડર કે પ્લંબર ને નવી પાઇપ બેસાડવા કહેવું પડશે.  તમારા પ્લંબરે કરેલું કામ અમે તપાસીશુ. જો બરાબર હશે તો અમે નવી પાઇપ ને અમારા નેટવર્ક સાથે જોડી દઇશું અને બગીચાની બહાર વધેલી સીસાની પાઇપ ને મફત માં બદલી દઇશું.

સીસા ની પાઇપ ને બદલવા માટે તથા જોડાયેલ પાઇપ ને બદલવાની એપ્લીકેશન ને ડાઉનલોડ કરવા માટે મુલાકાત લો **unitedutilities.com/replacingleadpipes**

જ્યારે તમે સીસા ની પાઇપ બદલો ત્યારે અમે ભલામણ કરીયે છીએ કે તમે ઉદ્યોગમાં –મંજૂરી મેળવેલા પ્લંબર ને બોલાવો. પૂરી માહિતી માટે wras.co.uk/wiaps ની મુલાકાત લો.



## સીસા શોધક કેવી રીતે થવું

ટોચ લઈ ન પાઇપ તરફ જઓ જે રસોડા ના નળ ની બહાર છ અન કબાટ ની પાછળ છ. મળ્યો?

સીસા નો પાઇપ આરામ થી ઓળખાઈ જાય છ. ત ઘરા ભખરા હોય છ (રગ ના નીચ), પોચા અન આરામ થી નિશાની લગાવલ હોય છ.

યાદ રાખો તમારા બધા પાઇપ તાબાના હોય તો પણ પરવઠા પાઇપ સીસા નો હોઇ શક છ.

## પાણી ન દબાણ

અમારે પાણી ને પૂરતા દબાણે આપવુજ પડશે જેથી 4.5 લિટર નું વાસણ 30 સેકન્ડ માં ભરાઈ જાય.

તમારા ઘર માં પાણી નું દબાણ અને વહેવા નો દર ઘણાં બધા કારણો થી અસર પામી શકે છે, જેમકે:

- પાણી ના સંગ્રહ કે શેરી ના પાણી ના મુખ્ય પુરવઠા થી મકાન ઊચાઇ વધુ હોય
- પાણી પુરવઠા પાઇપ ની પરિસ્થિતી અને ગોઠવણી
- પાણી પુરવઠા નો પાઇપ તમારા મકાન ઉપરાંત બીજા મકાન માં પણ વહેંચાય છે
- સૌથી વધુ માગ ની સ્થિતિ
- ઘર ની અંદર નું પ્લમ્બિંગ,

જો તમને લાગે કે પાણી ના દબાણ માં કોઈ વાંધો છે તો સહુ પ્રથમ આંતરિક પ્લમ્બિંગ તપાસો અને પછી જુઓ કે આંતરિક નળ પૂરો ખુલ્લો છે. તેમ છતાં પણ તમે ખુશ નથી તો અમને કોલ કરો **0845 746 2200**.

## માનો ક નહીં...



**જો કોઈ વીજળી ની ત્રુટિ છે તો સીસા ના પાઇપ ને બદલાવો તમારા ઘર માટે અસુરક્ષિત બની શકે છે.**

ભૂતકાળ માં વીજળીના અરથીંગ માટે સીસાનો પાઇપ વપરાતો. જો તમે પુરવઠા પાઇપ ને બદલી રહ્યા છો તો તમારા ઇલેક્ટ્રિશિયન ની સલાહ લો.

# પાણી ના પાઇપ: **નવું કનેક્શન લેવું**

જો તમે નવા ઘર માં જઇ રહ્યા છો તો બની શકે કે બિલ્ડરે અમારી સાથે ગોઠવણ કરી રાખી છે જેથી તમારા ઘર ને પાણીના મુખ્ય પુરવઠા સાથે જોડી શકાય.

પરંતુ જો તમે પોતે મકાન બનાવો છો કે મકાન નો વિસ્તાર કરો છો તો તમારે પોતે ગોઠવણ કરવી પડશે.

આ કાર્ય ટેકનિકલ છે પરંતુ ટૂંક માં તમારે માત્ર પાઇપ પાથરવાની છે બાકીનું અમે સંભાળીશું. અનુભવી અને માનયાતા પ્રાપ્ત બિલ્ડર ને બધીજ ટેકનિકલ અને કાયદાકીય જરૂરિયાત ખબર હશે.

તમારે આવેદન પત્રક ભરવું જરૂરી છે જેના માટે કોલ કરો **0845 026 4296** અને નવા વિકાસ માહિતી પેક માટે પુછો: **unitedutilities.com/waterconnections**

નવા કનેક્શન માટે વધુ માહિતી તમે અહી થી પ્રાપ્ત કરી શકો છો **unitedutilities.com/waterconnections** કે પછી અમને ફોન કરો **0845 026 4296**.



## તમન ખબર છ...

- નવા મકાન માં પ્લમ્બિંગ  અમે જોડીએ તે પહેલા કાયદાકીય નીતિનિયમોને અનુરૂપ હોવા જોઈએ. જે વોટર સપલાઈ (વોટર ફીટીંગ) રેગુલેશન 1999 માં દર્શાવવા માં આવ્યા છે.
- જો તમે ઇચ્છો છો કે જાહેર મુખ્ય પાણી માં જોડીએ તો અમારી શરતોને સ્વીકાર્યા પછી ત્રણ મહિના માં આપશુ.
- તમારે યુનાઈટેડ યુટિલિટીસ ના ઉપયોગ ની જરૂર નથી જો તમારે પાણી ના મુખ્ય ને કે પુરવઠા પાઇપ ને લગાવવી છે. તમે કોઈ પણ માન્યતા પ્રાપ્ત સ્વયં પાથરવા માટે ની સંસ્થા નો ઉપયોગ કરી શકો છો. વધુ માહિતી માટે મુલાકાત લો **unitedutilities.com/waterconnections**
- ક્યારેક ક્યારેક હાલ ની પાણીની પાઇપ અને ગટર ને જોવું જરૂરી બને છે. તમે તપાસ ગોઠવી શકો છો અથવા નકશા ની પ્રત ખરીદી શકો છો તેના માટે કોલ કરો **0870 751 0101**.

# ગટર પાઇપ:

# ગટર પાઇપ વિષે સમજો




## જ્યારે પણ તમે સંડાસ પછી ફ્લશ કરો છો કે નહાવ છો કે ડિશ વોશર નો ઉપયોગ કરો છો તો ઉપયોગ માં લેવાયેલ પાણી યુ આકાર માં જાય છે અને પછી તે દેખાતું નથી.

ત્યાર બાદ ખાનગી મોરી દ્વારા તમારું મકાન છોડી ડે છે જેની સંભાળ રાખવાની જવાબદારી તમારી છે.

જ્યારે મોરી એ જગ્યાએ ભળે છે જ્યાં બીજા મકાનો ની મોરી પણ જોડાય છે કે પછી તામારી સીમા ઓળંગી જાય છે પછી એ અમારી જવાબદારી બને છે.

આ સામેનું ઉદાહરણ તમને બતાવે છે કે કેવી રીતે આ કામ કરી શકે છે.

અવરોધવાની ઘટના, જો તે થાય તો:

- જો તે તમારા ખાનગી વિસ્તાર માં છે તો તમારે તેને રીપેર કરાવવું પડશે
- પંરતુ તે એવી જગ્યાએ છે કે જ્યાં વધારે મકાનો થી પણ ભળે છે કે તમારી સીમા ની બહાર છે તો અમે તેની સંભાળ લેશું.

હજુ વધારે માહિતી માટે મુલાકાત લો **unitedutilities.com/privatesewers** અથવા કોલ કરો **0845 746 2200**.

# વિશેષ ગટર પાઇપ જવાબદારી




## ચાવી

- ખાનગી મોરી (માલિક ની જવાબદારી)
- વહેચાયેલ ગટર ની પાઇપ/તમારી સીમા ની બહાર (યુનાઈટેડ યુટિલિટીસ ની જવાબદારી)
- જાહેર ગટર (યુનાઈટેડ યુટિલિટીસ ની જવાબદારી)

*ઉદાહરણ માત્ર માર્ગદર્શન માટે પૂરી પાડવામાં આવેલ.*

# ગટર પાઇપ:

## નવું ગટર જોડાણ

જો તમે નવું મકાન બનાવ્યું છે કે તેનો વિસ્તાર કર્યો છે જેને અમારા ગટર ના નેટવર્ક સાથે જોડવાની જરૂર છે તો અમે તમારી સંડાશ જવાની અને તેને ત્વરિત ફ્લૅશ કરવાની સગવડ સાચવી લેશું!



અમે તમારા બિલ્ડર ને કે પ્લંબર ને ખાનગી ગટર પાઇપ લાઇન પાથરવાની અને અમારા નેટવર્ક સાથે જોડાણ ની મજૂરી આપીશું પરંતુ અમે સ્થળ ની મુલાકાત લઈ ને પહેલા લેખિત પરવાનગી આપીશું.

કેટલીક વાર ખોટા જોડાણો ને અવગણવા મૂળ જોડાણ અમારી જાતે કરીશું.

નવા જોડાણ માં સામાન્ય મુશ્કેલી ત્યારે આવે છે જ્યારે ખરાબ પાણી (સંડાશ, ઘર ના ઉપકરણો નું પાણી) અને વરસાદ ના પાણી ની અલગ અલગ પાઇપ છે. એ ઘણું જ મહ્ત્વ નું છે કે બને પાઇપ અમારા નેટવર્ક માં યોગ્ય જગ્યા એ જોડાય.

જો અમારા ગટર ના

## થોભો... તમને ખબર છે?

નવી જાહેર ગટર આપવાનું અમે માણીએ છીએ તો, તમે અમારી શરતો અને નિયમો ને સ્વીકારો પછી સીએચએચ મહિના નો સમય લેશું.

તમારે નવી જાહેર ગટર ને પાથરવા માટે યુનાઈટેડ યુટિલિટીસ નો ઉપયોગ કરવો જરૂરી નથી. તમે કોઈ પણ માન્યતા પ્રાપ્ત સંસ્થા નો સહારો લઈ શકો છો. વધારે માહિતી માટે મુલાકાત લો **unitedutilities.com/wastewaterconnections**

ખોટું જોડાણ પ્રદૂષણ ફેલાવે છે અને તેનાથી તમને ભારે દંડ પણ થઈ શકે છે. જો કોઈ શંકા છે તો અમને કોલ કરો!

જો તમે નવું મકાન બનાવ્યું છે ત્યાં જાહેર પાઇપ નથી તો ઓછા માં ઓછા બે મકાન થવા થી અમે જાહેર પાઇપ નું જોડાણ પૂરું પાડીશું. ધ્યાન રાખો નવા ગટર નો ખર્ચો તમારે ઉપાડવો પડશે. આ એક મોંઘો વિકલ્પ છે એટલા માટે જ અમે 12 વર્ષ ના હપ્તા માં ચૂકવવા નો પણ વિકલ્પ આપીએ છીએ.

ખાનગી ગટર જોડાણ, નવી જાહેર ગટર અને તેના આવેદન ફોર્મ માટે અમને કોલ કરો **01925 679364** અથવા મુલાકાત લો **unitedutilities.com/wastewaterconnections**

## નેટવર્ક ના જોડાણ માટે કોઈ મદદ ની જરૂર છે, તો અમને જણાવો

# બીજી માહિતી: શિયાળા માં સાચવો

## તમારો બધ કરવાનો નળ શોધો

(સામાન્ય રીત તમારા રસોડા ની સિક ની નીચ આવલ છ)



યુકે માં જ્યારે પણ તાપમાન શૂન્ય થી નીચું જાય છે ત્યારે પાણી ના પાઇપ તમારા ઘર માં થીજી જવા ની શક્યતા વધી જાય છે.

આ ફાટે નહીં તે માટે થોડાક સાવચેતી ના પગલાં લેવા જરૂરી છે. વરંડો કે ગેરેજ જેવા ઠંડા ભાગ માં રહલી પાણી ની પાઇપો ને થોડી થોડી ગરમ કરવી હિતાવહ છે.

એ પણ જરૂરી છે કે તમે નળ બંધ ક્યાં કરો છો (સામાન્ય રીતે સિંક ના નીચે ના ભાગ માં) અને કોઈ પણ કટોકટી માટે પ્લંબર નો નંબર પણ હાથવગો રાખો જેથી તાત્કાલિક રીતે પગલાં લઈ શકાય.

ધ્યાન રાખો જો તમે શિયાળામા ઘર ની બહાર જવાના છો તો તમે થોડાક પગલાં લઈ ને ઘર ને સાચવી શકો છો જેમ કે હીટર ચાલુ રાખવું, અને જો જરૂર પડે તો પાડોશી ને નજર રાખવા ની વિનંતી કરવી!

વધારે માહિતી માટે મુલાકાત લો
**unitedutilities.com/winterwise**

# શું ફ્લશ ના કરો

## રૂ ના પુમડા કે શિશુ ને લૂછેલ્ઝ વસ્તુ તમને થશે કે ફ્લશ માં નાખી દઈએ, પરંતુ તે તમને મુશ્કેલી માં મૂકી શકે છે!

ટોઇલેટ પેપર ની જેમ તૂટી ના જાય તેવી વસ્તુઓ ગટર ની પાઇપ માં ભરાઈ જાય છે પછી મુશ્કેલી ઊભી કરી શકે છે.

રસોડા ની સિંક માં પણ ચરબી, તેલ, ગ્રીસ સિંક માં જઇ ને જોખમ ઊભું કરી શકે છે. સારું એ જ રહેશે કે તેમણે એક પલાસ્ટિક વાસણ માં રાખી અને કચરા ના ડબ્બા માં રાખી દો.

વધારે માહિતી મેળવવા માટે મુલાકાત લો
**unitedutilities.com/whatnottoflush**

## માત્ર ત્રણ વસ્ત જ અંદર જવી જોઈએ

(એમાન એક છ ટોઇલટ પપર)



WHAT NOT TO FLUSH
unitedutilities.com

આ પત્રિકા અમારા ગ્રાહકો માટે જરૂરી માહિતી પ્રદાન કરવા માટે ની પત્રિકાઓ માથી એક છે. જેમાં તમને રસ પડી શકે છે તે બીજી છે:

- **તમારા વોટર બિલની ચૂકવણી માટે માર્ગદર્શિકા**
- **વોટર મીટર એપ્લીકેશન પેક**
- **તમારા ઘરના વોટર મીટરની તપાસ કરો**
- **પાણી ના મીટર ની સામાન્ય માર્ગદર્શક પુસ્તિકા**
- **અમારી એક્સ્ટ્રાકેર સેવાઓ માટે માર્ગદર્શિકા**
- **યોગ્ય રીતે પાણી ના વપરાશ ની માર્ગદર્શિકા**
- **વોટરસ્યોર એપ્લીકેશન પેક**
- **અમારી ફરિયાદ પ્રક્રિયા**
- **મુખ્ય અને સામાન્ય પુરવઠા પાઇપ બદલવા**
- **સેવાના અમારા ધોરણો**

અમારી વેબસાઇટ પરથી અમારા કોઇપણ પત્રિકા તમે ડાઉનલોડ કરી શકશો: **unitedutilities.com/leaflets**, અથવા અહીં લખો: United Utilities (Dept LR), 1050 Europa Boulevard, Warrington WA55 1LR. અથવા, આ નંબર પર અમારા 24 – કલાકની સ્વયંસંચાલિત પત્રિકા વિનંતી લાઇન પર કૃપા કરી કોલ કરો **0845 303 7711**.

અમારી તમામ પુસ્તિકા મોટી પ્રીન્ટ, `ઇલ, અને ઓડીયો સીડી અથવા કેસેટ પર ઉપલબ્ધ છે. કૃપા કરી અમને અહીં કોલ કરો **0845 746 1100** જેથી કોઇપણ સ્વરૂપમાં પત્રિકા ઓર્ડર કરી શકશો.

જો ઇંગ્લીશ તમારી પ્રથમ ભાષા ન હોય, તો અમારી મુખ્ય પુસ્તિકા હિન્દી, ગુજરાતી, ચાઇનીઝ, બંગાળી અને પંજાબીમાં અમારી આ વેબસાઇટ પર ઉપલબ્ધ છે **unitedutilities.com/translations**

જોકે – અમારા સંચાલન લાયસન્સ અને નિયામક OFWAT ની મંજુરીને આધીન, અમારી આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે આ પત્રિકા માં ગ્રાહકોને માહિતી પૂરી પાડવામાં આવે છે.

## જો જરૂર હોય તો અમારો સપક કરો:

**બિલ વિષે અમારી સાથે વાત કરવા:**
**0845 746 1100** જો તમારી પાસ પાણી ન મીટર ન હોય
**0845 746 2222** જો તમારી પાસ પાણી ન મીટર હોય
કામના કલાકો: સવાર 8 સાજે 8 સોમથી શક;
સવાર 8 સાજે 5 શનિ.

**તમારા પાણી અને વેસ્ટવોટર સેવા વિશે અમારી સાથે વાત કરવા માટે:**
**0845 746 2200**
કામના કલાકો: સવાર 8 સાજે 8 સોમથી શક;
સવાર 8 સાજે 6 શનિ; સવાર 8 બપોર 12 રવી.

જો તમન સાભળવામા ક બોલવામા તકલીફ હોય અન ટક્સ્ટ ફોન નો ઉપયોગ કરો છો તો ડાયલ કરો **18001** પછી જોઈતો નબર.

**તમે અમને લખી શકો છો:**
**United Utilities, PO Box 459, Warrington WA55 1WB**

**કે પછી ઓનલાઈન જાવ**
**unitedutilities.com**

**my account**

તમારું પાણી ખાતું હવે તમે ઓનલાઇન સંચાલન કરી શકશો.
અહી રજિસ્ટર કરો: **unitedutilities.com/myaccount**

United Utilities
helping life flow smoothly

United Utilities Water PLC,
Haweswater House, Lingley Mere Business Park, Lingley Green Avenue, Warrington WA5 3LP.
ઇંગ્લેન્ડ અને વેલ્સમાં રજીસ્ટર્ડ. રજીસ્ટર્ડ નંબર 2366678.

02/13/SD/4997